# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **હોર્મૂઝ સામુદ્રધુનીમાંથી સલામત રીતે પસાર થઈને “નંદાદેવી” જહાજ LPG ગેસનો જથ્થો લઈને આજે વાડીનાર બંદરે પહોંચશે.**
2. રાજ્યમાં શ્રીઅન્નની ખરીદી પર ખેડૂતોને પ્રતિક્વિન્ટલ 300 રૂપિયાનું બૉનસ અપાશે.
3. આગામી સમયમાં ગુજરાતમાંથી સૅટેલાઈટ રોકેટ લૉન્ચ કરી શકાશે – વિધાનસભામાં વિજ્ઞાન અને ટૅક્નોલૉજી મંત્રીની જાહેરાત.
4. **ગુજરાત વિધાનસભામાં માહિતી અને પ્રસારણ, ક્લાયમેટ ચેન્જ તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની માગણીઓ પસાર.**
5. **રાજ્યમાં આવતીકાલથી ત્રણ દિવસ સામાન્ય વરસાદની આગાહી.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# NAND DEVI JAHAJ

ઈરાનના હોર્મૂઝ સામુદ્રધુનીમાંથી સલામત રીતે પસાર થઈને વધુ એક "નંદાદેવી" નામનું જહાજ LPG ગેસનો જથ્થો લઈને આજે રાજ્યના વાડીનાર બંદરે પહોંચશે. ગઈકાલે પણ 46 હજાર મેટ્રિક ટન LPG ગેસનો જથ્થો લઈને ભારતનું "શિવાલિક" જહાજ સુરક્ષિત રીતે કચ્છના મુંદરા બંદરે પહોંચ્યું હતું. આ સફળતા અંગે રાજ્યના પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ ગઈકાલે ગુજરાત વિધાનસભા ગૃહમાં માહિતી આપી હતી.

બીજી તરફ, પશ્ચિમ એશિયામાં વર્તમાન ઘટનાક્રમ અંગે નવી દિલ્હીમાં આંતર-મંત્રાલય પત્રકાર પરિષદને સંબોધતા જહાજ અને જળમાર્ગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશકુમાર સિન્હાએ કહ્યું હતું કે, સંયુક્ત આરબ અમિરાતથી ભારતીય ધ્વજ વાળું જહાજ "જગ લાડકી" 81 હજાર ટન કાચું તેલ લઈને સુરક્ષિત રીતે સ્વદેશ પરત આવી રહ્યું છે.

# SHRIANNA BONUS KHEDUT

રાજ્યના શ્રીઅન્ન એટલે કે, મિલેટ્સની ખરીદી પર ખેડૂતોને પ્રતિ ક્વિન્ટલ 300 રૂપિયાનું બોનસ અપાશે. ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતાં અન્ન અને નાગરિક પૂરવઠા વિભાગનાં અધિક મુખ્યસચિવ મોના ખંધારે કહ્યું, શ્રીઅન્નના ઉપયોગને પ્રોત્સાહન આપવા બાજરી, જુવાર, રાગી અને મકાઈની ખરીદી પર ખેડૂતોને આ બોનસ અપાશે.

**(BYTE: MONA KHANDHAR, ADDITIONAL CHIEF SECRETARY, FOOD AND CIVIL SUPPLIES DEPARTMENT)**

વધુમાં સુશ્રી ખંધારે કહ્યું, જાહેર વિતરણ વ્યવસ્થાની મહત્વની કડી એવા 17 હજારથી વદુ વાજબી ભાવના દુકાનદારોના કમિશનમાં મોટો વધારો કરાયો છે. તેમને હવે 150 રૂપિયાની જગ્યા 185 રૂપિયા પ્રતિક્વિન્ટલ કમિશન અપાશે.

## LPG GAS

રાજ્ય સરકારે LPG સાથે PNG કનેક્શન ધરાવતા લોકોને આવતીકાલ સુધીમાં LPG કનેક્શન પરત કરવા જણાવ્યું છે. અન્ન્ અને નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય. સચિવ મોના ખંધારે કહ્યુ હતું કે રાજ્યના નાગરિકો માટે ઘરેલુ LPG સિલિન્ડરનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ છે અને બફર સ્ટોકમાં પણ સતત વધારો થઇ રહ્યો છે. કેન્દ્ર સરકાર સાથે સતત સંકલનમાં રહીને રાજ્ય સરકાર દ્વારા તમામ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. રાજ્યમાં ઘરેલુ તેમજ વાણિજ્યિક હેતુ માટે PNGનો પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

# CM COAST GUARD BOOK

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના જીવની ચિંતા કર્યા વગર સામાન્ય અને સંકટમાં ફસાયેલા લોકોને બચાવવા હંમેશા તત્પર રહેતા તટરક્ષકોને સાચા હીરો ગણાવ્યા. ગાંધીનગરમાં તટરક્ષકના 50 વર્ષ પૂર્ણ થવાની ઉજવણી નિમિત્તે એક પુસ્તકનું વિમોચન કરતા શ્રી પટેલે કહ્યું, ભારતીય તટરક્ષક દરિયાકિનારાથી 200 નૉટિકલ માઇલ સુધી દરિયાઈ વિસ્તારમાં ફરજરત્ રહીને ભારતીય નૌકાદળ અને રાજ્ય દરિયાઈ પોલીસ વચ્ચે મહત્વની કડી બની છે.**

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

# SATELLITE LAUNCH JAHERAT

આગામી દિવસો ગુજરાતમાંથી પણ સૅટેલાઈટ રોકેટ લૉન્ચ કરી શકાશે. વિધાનસભા ગૃહમાં વિજ્ઞાન અને ટૅક્નોલૉજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ આ અંગેની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું, રોકેટ લૉન્ચિંગ પેડ માટે દીવ અને કોડિનાર વચ્ચે જગ્યા પણ મળી છે. ભારતીય અવકાશ સંશોધન સંસ્થા – ઈસરોએ પણ આ જગ્યા યોગ્ય હોવાનું જણાવ્યું છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.................................

## VIDHANSABHA MANGANI PASAR

ગુજરાત વિધાનસભામાં ગઈકાલે માહિતી અને પ્રસારણ વિભાગની માગણીઓ પસાર કરવામાં આવી. આ માગણીઓ પરની ચર્ચામાં સહભાગી થતા મંત્રી અર્જુન મોઢવાડિયાએ માહિતી અને પ્રસારણ વિભાગને ગુજરાત સરકાર, માધ્યમો અને પ્રજા વચ્ચેના અતૂટ વિશ્વાસનો સેતુ ગણાવ્યો.

સાથે જ છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓની માહિતી વિશ્વસનીય રીતે પહોંચાડવામાં માહિતી વિભાગની ભૂમિકાની પણ તેમણે પ્રશંસા કરી હતી. માહિતી વિભાગ ડિજિટલ અને પરંપરાગત માધ્યમોના સમન્વય દ્વારા રાજ્યના વિકાસને નવી ઉંચાઈએ લઈ જશે તેવો વિશ્વાસ પણ શ્રી મોઢવાડિયાએ વ્યક્ત કર્યો.

આ ઉપરાંત ગૃહમાં ક્લાયમેટ ચેન્જ તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની માગણીઓ પણ પસાર કરવામાં આવી હતી.

## GUJCET HALL TICKET

રાજ્યમાં આગામી 29 માર્ચે યોજાનારી ગુજકેટની પરીક્ષા માટેના પ્રવેશપત્ર આજે બપોરે 12 વાગ્યાથી ડાઉનલોડ કરી શકાશે. સત્તાવાર યાદી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ દ્વારા લેવાનારી આ પરીક્ષા માટેના પ્રવેશપત્ર વિદ્યાર્થીઓ gujcet.gsebht.in અથવા gsebht.in અથવા www.gseb.org વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકશે.

## WEATHER FORECAST

રાજ્યમાં આવતીકાલથી ત્રણ દિવસ કમોસમી વરસાદની આગાહી છે. આવતીકાલે બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, જામનગર, મોરબી, દેવભૂમિદ્વારકા અને કચ્છમાં વરસાદની શક્યતા હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)

**દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે. સૌથી વધુ 39 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના વિમાનમથક અને રાજકોટ નોંધાયું છે. જ્યારે અમદાવાદ, ગાંધીનગર, ભુજ અને સુરેન્દ્રનગરમાં 38 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યાના અહેવાલ છે.**

## DANG PRAKRUTIK KHETI

ડાંગમાં વર્ષ 2025-26માં ગાયના નિભાવ ખર્ચ માટે ત્રણ હજાર 367 જેટલા ખેડૂતને સહાય ચૂકવવામાં આવી છે. **જિલ્લાના ખેડૂતોને આ સહાય ઉપયોગી બની હોવાનું આત્મા પ્રૉજેક્ટ ડિરેક્ટર સંજય ભગરિયાએ જણાવ્યું.**

**(BYTE: SANJAY BHAGARIYA, ATMA PROJECT DIRECTOR)**

## BK DRUGS SEIZED

**બનાસકાંઠા પોલીસે 800 ગ્રામ કેફી પદાર્થના જથ્થા સાથે એક વ્યક્તિને પકડી પાડ્યો છે. અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે, અમીરગઢ બૉર્ડર ચેકપોસ્ટ પર વાહનનોની તપાસ દરમિયાન ખાનગી ટ્રાવેલર્સની એક ગાડીમાંથી બે લાખ રૂપિયાથી વધુનો કેફી પદાર્થ મળી આવ્યો હતો.**

## GOVERNER BANASKATHA

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે બનાસકાંઠાના ઉત્તમપુરા ડાંગીયા ગામમાં ‘એક પેડ માં કે નામ’ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યું. તેમણે પર્યાવરણ જાળવણી, લીલોતરી વધારવા તેમજ વૃક્ષારોપણ અંગે જનજાગૃતિ કેળવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.

## SAHITYA AKADAMI – GUJARATI SANSKRIT

સાહિત્ય અકાદમીએ વર્ષ 2025 માટે 24 ભારતીય ભાષાઓમાં વાર્ષિક સાહિત્ય અકાદમી પુરસ્કારોની જાહેરાત કરી છે. તે અંતર્ગત કવિ યોગેશ વૈદ્યને તેમના કાવ્યસંગ્રહ ભટ્ટ-ખડકી માટે ગુજરાતી ભાષાનો સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત કરાશે..

રાજ્યના મહામહોપાધ્યાય સ્વામી ભદ્રેશદાસજીને તેમની કૃતિ “પ્રસ્થાન-ચતુષ્ટયે બ્રહ્મઘોષ” માટે સંસ્કૃત ભાષાનો પુરસ્કાર એનાયત કરાશે.

--------------------------------------